વર્ષ : ૫ અંક : ૯ જુલાઈ–૨૦૨૨

# પલાશ



શ્રી ઝવેરચંદ મેઘાણી
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
સુરેન્દ્રનગર







વર્ષ : ૫

# પલાશ

અંક : ૯

અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર પંડયા
સહતંત્રી : ડૉ. રાજનકુમાર પિતલિયા

સલાહકાર સમિતિ

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડયા
શ્રી જયેન્દ્રભાઈ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડયા
શ્રી પીયૂષભાઈ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

સંપાદક મંડળ

શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ
ડૉ. કેતનભાઈ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઈ વાઘેલા
શ્રી હિતેશભાઈ ઠાકર
શ્રી જાતુશભાઈ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઈ પંચાલ
શ્રી ધનજીભાઈ વાલેરા
શ્રી મુકેશભાઈ બટ્રેશિયા

## પલાશત્વ...

પ્રાથમિક શિક્ષકોમાં સર્જકત્વ હોય જ છે માત્ર તેને દિશા આપવાની હોય છે. શિક્ષક પાસે સંવેદના હોય એટલે સર્જનશીલતા હોય જ. આ માટે ડાયટ સુરેન્દ્રનગર દ્વારા કાવ્યાયન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જિલ્લાના જે પ્રાથમિક શિક્ષકો સર્જક છે તેઓને નિમંત્રિત કરવામાં આવ્યા.

કાવ્યાયનની આ યાત્રા દર વર્ષે ( કોરોનાકાળ) સિવાય ચાલતી રહી છે. જેમાં ભાસ્કર પર્વ -૧ પણ યોજાઈ ગયું. જેની ફલશ્રુતિ BISAG સ્ટુડિયોમાં રાજ્યના પ્રાથમિક શિક્ષકો દ્વારા પ્રથમ જ વખત કવિતાઓનું રેકોર્ડિંગ થયું. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના જ તમામ શિક્ષકો હતા.

કાવ્યાયનના પરિણામે શિક્ષકો આજે સર્જન ક્ષેત્રે ઘણું કાઠું કાઢી ચૂક્યા છે. સાહિત્યના ક્ષેત્રે સુરેન્દ્રનગર જિલ્લાનું નામ અગ્રેસર કરી રહ્યા છે. કાવ્યાયનમાં જોડાયેલા સૌ શિક્ષકોના કવિત્વને વંદન કરું છું.

ચાલો, આપ પણ સાહિત્યમાં રસ ધરાવતા હોય તો અમારો સંપર્ક કરશો, આપ પણ કવિ બની શકો છો, લેખક બની શકો છો.

જય કાવ્યાયન... જય સૂરજદેવળ...

પત્રવ્યવહાર - સંપર્ક

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩ ૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭

E-mail : palash.dietsnr@gmail.com
Blog : dietsurendranagar.blogspot.com
Website : www.dietsnr.org

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | સૂર્યના સંગે કાવ્યાયનના રંગે | 03 |
| 2 | કાવ્યાયનની રચના | 11 |
| 3 | કરુણાની સત્ય ઘટના | 12 |
| 4 | સેવાવ્રતધારી સારસ્વત | 13 |
| 5 | ખારાઘોડા નવાગામ પે સે.શાળા | 16 |


## લેખકો માટે

- પલાશ માટેના લેખ શ્રુતી ફૉન્ટ, સાઈઝ 12 માં કોમ્પ્યુટરરાઈઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવા અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહી.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. એ અંગેનો વિશેષ પત્ર વ્યવહાર કરવો નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતાં વિચાર-વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

# સૂર્યના સંગે કાવ્યાયનના રંગે

**- ભરત દેવૈયા**

શિક્ષકમાં રહેલી કવિત્વ શક્તિ ખીલે, માતૃભાષાનું સૌંદર્ય જળવાઈ રહે અને એનો પરોક્ષ લાભ વર્ગખંડનાં બાળકોને મળે એવા ત્રિવેણી હેતુ સાથે સુરેન્દ્રનગર ડાયેટના પ્રાચાર્યશ્રી ડૉ. સી.ટી.ટુંડિયા સાહેબે કાવ્યાયન - ૧ ના બેનર નીચે નવોદિત શિક્ષક કવિશ્રીઓને બોલાવી ત્રિદિવસીય વર્ગ ગોઠવવાનું નક્કી કર્યું. જી.સી.ઈ.આર.ટીનાં નિયામક માન.ટી.એસ.જોશી સાહેબનો રાજીપો અને ભગવાન સુરજનારાયણના આશીર્વાદ મળ્યા પછી શું ખામી રહે?

નવા સૂરજદેવળ ભગવાન સૂરજનારાયણનાં ચરણોમાં તારીખ ૧૬ થી ૧૮ ડીસેમ્બર ૨૦૧૬નાં રોજ કાવ્યાયન - ૧ સફળતા પૂર્વક પૂર્ણ કરેલ .

## કાવ્યાયન - ૧

કાવ્યાયન - ૧ માં નવા સૂરજદેવળના મહંતબાપુના હસ્તે પ્રગટાવેલ જ્યોત હજુ એટલીજ પ્રજ્વલિત છે, એમ કહું તો બિલકુલ ઉચિત છે.પ્રા.શિ.સંઘનાં પ્રમુખશ્રી જીલુભા ધાધલ સાહેબ તથા ચોટીલા યુનિટ સંઘનાં પ્રમુખ શ્રી દીપુભાઈ ધાધલ સાહેબની અખંડ હાજરી અમારો ઉત્સાહ વધારતી હતી.

- કવિશ્રી અનીલ ચાવડા
- હાસ્યકલાકાર શાહ્બુદ્દીન રાઠોડ
- કવિશ્રી બી.કે રાઠોડ
- કવિશ્રી દર્શક આચાર્ય
- કવિશ્રી જાતુષ જોશી
- કવિશ્રી નીતિન વડગામા અને
- કવિશ્રી દોસ્તમીરનો ......ખુબ ખુબ લાભ લીધો. આ ત્રણ દિવસોમાં ઉપરોક્ત

કવિશ્રીઓનું સચોટ અને ઉચિત માર્ગદર્શન મળ્યું .....જેના થકી જ ગીત-ગઝલમાં અમારી પા.પા.....પગલી મંડાણી એ દિવસે આજેય એવાજ તાજા લાગે છે .......સ્મૃતિ પટ પર હજુય કવિશ્રી અનીલ ચાવડાના શબ્દો ગુંજે છે.....

"સ્હેજ હસી લઉં , સ્હેજ રડી લઉં
સ્હેજ ઊગી લઉં , સ્હેજ ખરી લઉં

એમ થાય મારગમાં જે જે વૃક્ષો આવે એને પણ હું બથ ભરી લઉં કે વર્ષો પહેલા જેમ વેલજી,ચપટીમાં તમાકુ લઈને ખાતો...એમજ હુય ગામની ધૂળ ભરાવી, એક ગલોફે, લાવ ગામનો નશો કરી લઉં.

હાસ્યકલાકાર શાહબુદ્દીન રાઠોડનું તર્કયુક્ત સાત્વિક હાસ્ય હજુય યાદ છે. કવિશ્રી બી.કે રાઠોડની પ્રેમાળ ગઝલો મન-મંદિરને નચાવી ગઈ. ટો કવિ દોસ્ત-મીરની ખુમારીવાળી રચના અને વાણી દિલને સ્પર્શી ગયા હતા વંદનીય કવિશ્રી નીતિન વડગામા પરિવાર સાથે આપની

વચ્ચે પધારેલા એજ આપણું અહોભાગ્ય હતું.તેમની છંદોબદ્ધ રચનાઓ સાંભળી મોજના તોરા છૂટ્યા પદ્ય-સંરચના વિષે વિગતે વાતો થઇ. પેલા આપણા પોતાના કહી શકાય એવા હાથવગા કવિશ્રી દર્શક આચાર્યને કેમ ભૂલાય?

"નથી પહેલા નથી છેલ્લા અમે વચ્ચે
નથી વૃક્ષો નથી વેલા અમે વચ્ચે
કઈ રીતે તમારાથી ઉકેલાશું ?
નથી ગાંડા નથી ઘેલા અમે વચ્ચે."

કવિશ્રી જાતુષ જોશીનો કેદારો. . . "હાથમાં કરતાલ છે ને કંઠમાં કેદાર છે ..." સદૈવ કવિશ્રી જાતુષ જોશીને સાંભળવા કાન તત્પર રહે છે

સૌથી વધારે યાદગાર પળો હોયતો રાત્રી સેશનમાં પ.પુ ઉદયબાપુ પધાર્યા અને સૌને વાણી દ્વારા શુભાશિષ પાઠવ્યા.તે એમની ભાવવાહી વાર્તાનાં એક એક શબ્દમાં જાણે ગંગાજળનો અભિષેક હતો ...!સૌ મંત્રમુગ્ધ બની પૂ.ઉદયબાપુને વંદી રહ્યા ...એમનો સરળ સ્વભાવ,જ્ઞાનસભર વાણી અને હૃદયની વિશાળતા આપણા સૌ માટે પ્રેરણાદાયી રહ્યા .

ભજન અને ભોજન માટે જાણીતા આ દાદાના દેવળે આપણને સાચવ્યા હતા.અહીંથી જ આપણને કાવ્યાયન -૨ દ્વારા ખીલવવાનું અને મુક્ત મને ખુલવાનું સર્વોત્તમ ભાથું પ્રાપ્ત થયું હતું.ત્રણ દિવસ સુરજનારાયણનાં ચરણોમાંથી એક અનોખી ઉર્જા મળી અને પાવનકારી ધામનાં ઉજળા આશીર્વાદ તો ખરાજ ....અને એટલેજ ઉજવાયું ભાસ્કર પર્વ - ૧

## ભાસ્કર પર્વ - ૧

હા,૨૬મી જાન્યુઆરી - ૨૦૧૭નાં રોજ ડાયેટનાં આંગણે ભાસ્કર પર્વ-૧(કવિમુશાયરો) ઉજવાયો.જેમાં કાવ્યાયન - ૧ માંથી નવોદિત કવિઓ પસંદ કરી તેમને વ્યક્ત થવાનું પ્લેટફોર્મ પૂરું પાડેલ ભાસ્કરપર્વ - ૧ નાં મુખ્ય મહેમાન માન.સાંસદશ્રી શંકરભાઈ વેગડ,માન ધારાસભ્યશ્રી વર્ષાબેન દોશી, જી.સી.ઈ.આર.ટી.નાં નિયામકશ્રી ટી.એસ.જોશી સાહેબ, શિક્ષણાશિકારીશ્રી આર.સી.પટેલ સાહેબ, કચ્છથી પધારેલ પધારેલ પ્રા.શિ. શ્રી બી.આર.જારગેલા, પ્રા.શિ.સંઘ પ્રમુખ શ્રી જીલુભા ધાધલ તથા ટી.પી.ઈ.ઓ  શ્રી રથવી સાહેબ, પાંચાણી સાહેબ અને શ્રી ગઢવી સાહેબ.

ભાસ્કરપર્વમાં નવ નવોદિત કવિઓને વ્યક્ત થવાની ઉમદા તક મળેલ દરેકે સ્વરચિત બે-બે રચના રજૂ કરેલ. જેનું સમગ્ર સંચાલન કવિ શ્રી કંદર્પ રાવલે કર્યું હતું.

બીજા સેશનમાં પ્રતિષ્ઠિત કવિશ્રીઓ....

શ્રી રમેશ આચાર્ય,શ્રી વીરેન્દ્ર આચાર્ય,શ્રી નરેન્દ્ર રાવલ અને શ્રી દર્શક આચાર્યએ ગીત

ગઝલની રમઝટ બોલાવી. જેનું સમગ્ર સંચાલન કવિશ્રી જાતુષ જોશીએ સંભાળેલ. વડીલ કવિશ્રી રમેશ આચાર્યનો કાગડો અને કચ્છી આજે પણ એવા જ તાઝા છે.

ભાસ્કરપર્વ-૧માં ડાયેટનાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા મિથ્યાભિમાન નાટક રજૂ થયું તો પ્રાચાર્યશ્રી સી.ટી.ટૂંડિયા સાહેબે મીણબત્તીઓના અજવાળામાં "કોઈનો લાડકવાયો" ગાઈને રાષ્ટ્રભક્તિનાં રંગો ભર્યા, ભાસ્કરપર્વ - ૧ માં પધારેલ નિયામક માન.શ્રી.ટી.એસ.જોશી સાહેબે ખૂબ પ્રસન્નતા અને રાજીપો વ્યક્ત કર્યો અને એના ફળ સ્વરૂપે કાવ્યાયન-૧નાં નવોદિત કવિઓની ગઝલનું રેકોર્ડીંગ કરવા માન.શ્રી ટી.એસ.જોશી સાહેબે આપણને બાયસેગ સ્ટુડિયોમાં નિમંત્રિત કર્યા. પ્રેમાળ પ્રાચાર્યશ્રી સી.ટી.ટુંડિયા સાહેબ, ટીમ લીડર ડો.પિત્તલિયા સાહેબ સાથે નવ નવોદિત કવિઓ...

| | |
|---|---|
| કવિ કંદર્પ રાવલ (પ્રવાસ) | કવિ પ્રવીણ ખાચર (પાર્થ) |
| કવિ ગણપત પરમાર | કવિ શ્રી ભરત દેવૈયા |
| કવિ મુકેશ બદ્રેશિયા | કવિ મણીલાલ વણકર |
| કવિ જયસુખ પરમાર | કવિ શ્રી ધનજીભાઈ વાલેરા (ધ્રુવ) |
| કવિ હરેશ મીર (સોન હરી) | કવિ પીનલ સતાપરા (જન્નત)..... |

બાયસેગ સ્ટુડિયોમાં પોતાની સ્વરચિત ગઝલોનું રેકોર્ડીંગ કરી ગૌરાન્વિત થયા.બાયસેગ સ્ટુડિયોમાં રોબોટ કેમેરાનું ઉદ્ઘાટન આપણી ટીમથી થયું તેનું વિશેષ ગૌરવ છે. થોડા સમય પહેલા શરુ થયેલો આ ભાષા યજ્ઞ આટલી ઊંચાઈ પ્રાપ્ત કરાવશે તેની કદી કલ્પના પણ નહોતી કરી.બાયસેગ સ્ટુડિયો, જી.સી.ઈ.આર.ટીની મુલાકાત અને જી.સી.ઇ.આર.ટી.માં જોશી સાહેબની મહેમાંનગતિ આજીવન યાદ રહેશે.

## કાવ્યાયન - ૨

આપણો ઉત્સાહ હજી આસમાને હતો ત્યાજ ડાયેટ સુરેન્દ્રનગરનાં ભાષાપ્રેમી પ્રાચાર્યશ્રી ટૂંડિયા સાહેબે કાવ્યાયન-૨ નું આયોજન કર્યું. સૌ મિત્રોના હ્રદય બોલી ઉઠ્યા"ચલો બુલાવા આયા હે .....દાદાને બુલાયા હે." તા: ૨૯ થી ૩૧ ડીસેમ્બર -૨૦૧૭ ફરી પાચા સૌ કવિમિત્રો અહી નવા સૂરજદેવળ મળેલા.ફરી પાછી એજ મોજ એજ આનંદ ...એજ કાવ્યધારા. માર્ગદર્શક કવિઓ બદલાતા રહે આપણેતો એના એજ પણ દુ:ખ એક વાતનું ચોક્કસ હતું ...આ વખતે કાવ્યાયન - ૨માં આપણા મૂકસેવક અને કવિમિત્ર જયરાજભાઈ ખવડની ખોટ વરતાતી હતી. જેમણે કાવ્યાયન-૧ વખતે પ્રવીણભાઈ ખાચર સાથે મળીને બધી વ્યવસ્થા સંભાળી લીધી હતી. સ્વ. જયરાજભાઈના દિવ્ય આત્માને શ્રદ્ધાંજલી આપી કાવ્યાયન-૨ શરુ થયેલ.

જેમાં કવિશ્રી ગુણવંત ઉપાધ્યાયે વિગતે વાતું કરીને કહેલ કે "સાહિત્ય માટે ચાર વસ્તુ મહત્વની છે (૧) ભાવ (૨) ભાષા (૩) લય છંદ (૪) અભિવ્યક્તિ "તો ડો. નીરજ મહેતાએ મુક્તક, ટ્રાયોલે, વિલાનેલ, ત્રિપદ, કુંડળ વગેરે વિશે ઊંડી સમજ આપેલ.એમણે ઉચ્ચારેલ પંક્તિઓ પણ હૃદયગમ્ય હતી ....

"એકના બે નાં થાય એવા છે ,
છતાય મોહી પડાય એવા છે."

કવિશ્રી અનીલ ચાવડાએ ગીત વિશેની સમજ આપી. માત્રા અને લય વિશે સમજાવતા તેમણે કહેલું "માત્રા ગમે તેટલી લઇ શકાય... લય પ્રવાહ આપણા પોતાનાં છે......આખા ગીતમાં એકજ વિષય રખાય વગેરે....."એમણે અગત્યનાં છંદ વિષયક પુસ્તકોની પણ યાદી કરાવેલ. તેમણે પોતાની કવિતાઓનું રસપાન કરાવતી વખતે બધાના મન મોહી લીધા હતા....

" દીકરા સાથે રહેવા મા હૃદયમાં હર્ષ રાખે છે.
દીકરો બીમાર માં માટે અલગથી નર્સ રાખે છે.
ને આપી ડે થોડા પતિને ,આપી દે સંતાનો ને થોડા
માં સ્વયંને જીવવા માટેતો ક્યા એકેય વર્ષ રાખે છે."

કવિશ્રી અશોક ચાવડા 'બે દિલ' ને સાંભળીને ખરેખર લાગ્યું કે આ કવિને બે દિલ હશે જ ....એકમાંથી રક્તધારા વહેતી હશે અને બીજામાંથી કાવ્યધારા ....લઘુ-ગુરૂનાં ભેદ સમજાવી તેમણે સરળતાથી ગીત લખતા શીખવેલ, ખરેખર આપણા જીલ્લાનાં મનડાસરનું મોતી છે, બે દિલ હાંક પડે ત્યાં હાજર થાય એવા કવિશ્રી દર્શક આચાર્ય પણ ગઝલ સંગ્રહનાં ઘણા પુસ્તકોની નોંધ કરાવેલ. તેમણે કહેલું કે મત્લા પહેલી પંક્તિ ઈશ્વરદત્ત હોય છે.... સારી સુઝે તો આગળ વધવું" તેમની સરળ શૈલીની ગઝલો સાંભળવાની ખુબ મજા આવેલી

"જોઈ કીડીને ડૂબતી જળમાં
પાંદડું ફેક કાળથી તોડો."
દીકરીમાં મેં નદી ભાળી હતી,
એટલે તો ઘર તરફ વાળી હતી.
કેમ ચાલે જીવ વૃક્ષો કાપતા
દીકરી જેવી બધી ડાળી હતી.

કાવ્યાયન-૨ આપણા માટે જ્ઞાનયજ્ઞ અને પ્રેમયજ્ઞ બની રહ્યા. નિવૃત્ત થતા પ્રા.શિ.સંઘ પ્રમુખ માન. જીલુભા સાહેબને તલવારથી સન્માનિત કરવાનું પ્રથમ ગૌરવ કાવ્યાયન ગ્રુપને મળેલું છે. સૂરજદેવળનાં પૂજ્ય મહંતબાપુનાં  આશીર્વાદ, લોમેવધામથી પૂજ્ય ભરતબાપુના આશીર્વાદ અને ભાનુભાઈ ખવડની ઐતિહાસિક વાતો સાથે કાવ્યાયન-૨માં ચાર ચાંદ નહિ ચાર

સૂરજ લાગી ગયા એમ કહું તો પણ ખોટું નથી.

ડાયેટનાં સંગે અને જી.સી.ઈ.આર.ટી નાં રંગે કાવ્યાયન ગ્રુપમાં એક નવું છોગું ઉમેરાયું તા. ૨૪ થી ૨૬ માર્ચ ૨૦૧૮ એમ ત્રણ દિવસની રાજ્યકક્ષાની પ્રાથમિક શિક્ષકો માટેની પદ્યસંરચના માર્ગદર્શન કાર્યશિબિરનું આયોજન નિયામક સાહેબે આપણને સોપ્યું ....ચોટીલા મુકામે આપાગીગાનાં ઓટલે પૂ. નરેન્દ્રબાપુનાં હસ્તે દીપ પ્રાગટ્ય થયું. સૌએ સ્વ. કવિ ચિનુ.મોદીનાં દીવાત્માંને' શબ્દલોક' માં નિવાસ થાય એવી પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલી આપી. નિયામકશ્રી ટી.એસ.જોષી સાહેબ, સચિવશ્રી બહાદુરસિંહ સોલંકી, શ્રી મનોજભાઈ કોરડિયા, હિસાબી અધિકારીશ્રી થાનકી સાહેબ વગેરેની ઉપસ્થિતિ હૃદયગમ્ય રહી, આખા ગુજરાત રાજ્યમાંથી પધારેલ બાળકવિઓ, ડાયેટનાં લેકચરરશ્રીઓ, શિક્ષકશ્રીઓ અને વાલીશ્રીઓએ આપણા આયોજન, શિસ્ત અને સ્નેહાળ સ્વભાવની તથા ડાયેટની પ્રવૃત્તિઓની ઝાંખી જોઈ. જે આપણા જીલ્લા માટે ગૌરવપ્રદ ગણાય.

શાહબુદ્દીન રાઠોડ સાહેબનાં હાસ્ય સાથે અહી કવિશ્રી રાજ લખતરવીની પ્રેમભરી ગઝલો, કવિશ્રી દર્શક આચાર્યની સ્મિત સાથેની રચના કવિશ્રી અનીલ ચાવડાની 'નયનસુખ' બાપુની રચના, કવિશ્રી જાતુષ જોષીની આધ્યાત્મિક ઊંડાણની રચના, કવિશ્રી જીતુ ત્રિવેદીની 'સમજીએ ગઝલનો લય' પુસ્તકની વાતો....એક સાથે કેટ-કેટલું પ્રાપ્ત થયું....! હાસ્યકલાકારશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી, કવિશ્રી કૃષ્ણ દવે, કવિશ્રી કિરીટ ગોસ્વામી, કવિશ્રી મુસાફિર પાલનપુરી વગેરે પાસેથી ઉત્તમોત્તમ ભાથું પ્રાપ્ત થયું.

રાત્રી સેશનમાં સાહિત્યકારશ્રી દેવાયતભાઈ ખવડને સાંભળીને મન ડોલી ઉઠ્યું. સાહિત્યકારશ્રી ભગવતદાન ગઢવીને અને હાસ્યકારશ્રી અંબારામભાઈ દુમાદિયાએ પણ જમાવટ કરી. આપણા નવોદિત દસ કવિઓનો મુશાયરો પણ યાદગાર રહ્યો. સાથે સાથે બાળકવિઓ ને સાંભળવાની પણ ખુબ મજા આવી. અધિકારીશ્રીઓનું વાત્સલ્ય, મિત્રોનો પ્રેમ અને કવિઓની કૃતિ ...કાયમ આપણી સ્મૃતિપટમાં રહેશે.

કાવ્યાયનની આ અવિરત યાત્રામાં ઘણા દિલદાર મિત્રો મળ્યા એનો પણ અનહદ આનંદ છે. દોસ્તો આપણે સૂરજદેવળનાં આંગણે ખૂબ આનંદ કર્યો છે. રાત્રે ત્રણ-ત્રણ વાગ્યા સુધી ગ્રુપમાં શેર, શાયરી, છંદ, ગીત, ગઝલ અને ચારણી ડાયરાની રમઝટ થતી જોઈ છે. મિત્ર ભગવતદાન ગઢવી, ડો.રોહિતદાન ગઢવી, કવિ વિનોદ સોયા, સાહિત્યકાર અંબારામ દુમાદિયા, કવિશ્રી પ્રવીણભાઈ ખાચર, કવિ મેહુલ ત્રિવેદી, મહેશ ચૌહાણ, કવિ કંદર્પ રાવલ, કવિ ગણપત પરમાર, જયસુખ વાઘેલા, કવિ મણીલાલ વણકર, મુકેશ બદ્રેશિયા વગેરે મિત્રોનાં કંઠને કેમ વિસરી શકાય?

કાવ્યાયન-૨નાં સમય દરમ્યાન શ્રી જીલુભા ધાધલ સાહેબનાં ઘરે સ્નેહભોજન માટે ગયેલા અને એના ઓડકાર હજુય યાદ છે સાહિત્ય-કવિત્વ અને પ્રેમત્વ આપણને સૌને એક માળાના મણકાની જેમ પરોવી રાખે છે...! અદ્‌ભુત છે આ યાત્રા. કાવ્યાયન યાત્રાના અર્કરૂપે આપણે ડાયેટમાં 'રમેશ કથા' અને 'કાગકથા' પણ કરી છે. કેવો પ્રેમળ પ્રવાહ...!!!

## કાવ્યાયન - ૩

આ પ્રવાહમાં ભીંજવવા આપણે ત્રીજી વખત સૂર્યની સાક્ષીએ 'કાવ્યાયન-૩' રૂપે સૂરજદેવળે મળેલા. તા.૧થી૩ માર્ચ ૨૦૧૯ દરમ્યાન આપણે પ્રતિષ્ઠિત કવિઓનો અને એમની કવિતાઓનો ભરપૂર લાભ લીધો. પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ, કવિશ્રી સ્નેહી પરમાર, કવિશ્રી ચંદ્રેશ મકવાણા 'નારાજ', કવિશ્રી ગીરીશભાઈ રઢુકિયા, કવિ પરમ પાલનપુરી, કવિશ્રી અશોક ચાવડા 'બે દિલ' વગેરેનાં ગીત-ગઝલોએ આપણને ભીંજવી દીધા.

"કોઈનું પણ આંસુ લુછ્યું હોય તે બેસે અહી'
ને પછી છાતીમાં દુખ્યું હોય તે બેસે અહીં,
ને સૂર્ય તપતો હોય મધ્યમાં ને તે છતાં
કોઈનાં ચરણોમાં ઝૂક્યું હોય તે બેસે અહી'

કવિ શ્રી સ્નેહી પરમારે આપણને ભીતરથી ભીંજવી દીધેલા પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડની અર્ક-તર્ક અને મધુપર્ક વાળા હાસ્યથી આપણે તરબતર થયેલા. કવિશ્રી ચંદ્રેશ મકવાણાનાં શબ્દો હાસ્યમાં કોતરવા જેવા હતા કે "રસ્તામાં જતા કોઈની વેદનાથી આંખ ભીની ન થાય તો કવિતા લખવાનો પણ અધિકાર નથી. વેદના અને સંવેદનામાં કવિતા જન્મે છે. 'કબીરા' રચના દ્વારા રસાસ્વાદ કરાવ્યો તો કવિશ્રી ગીરીશ રઢુકિયાએ ગીતો અને બાળકાવ્યોની વાતો કરી. 'હુકાગ્રથી ન લખવું એકાગ્રથી લખવું' એ મુખ્ય સાર હતો તેમની વાતનો ....

"એટલી કમાલ કરતા આવડે છે.
વેદનાને વહાલ કરતા આવડે છે "

કવિશ્રી પરમ પાલનપુરીએ બાળ કાવ્યસંગ્રહ, 'ગીત ગાતા પતંગિયા'ની રચનાઓનો આસ્વાદ કરાવી બાળપણની સ્મૃતિઓ ઝણઝણાવી દીધી. કવિશ્રી અશોક ચાવડા'બે દિલ'ને બીજી વખત સાંભળવાનો અવસર હતો. આજે તેણે ગાંધીવિચાર અને ગાંધીકવિતાઓનો આસ્વાદ કરાવતા કહ્યું હતું કે "મહાન માણસ વિષે લખવાથી ખરાબ વિચારોથી દૂર રહી શકાય.'

કોરોના મહામારીમાં આપને ત્રણ વર્ષ મળી ન શક્યા તેનો વસવસો હોયજ ...પણ મીઠા ટોપરા જેવો આપણો કવિમિત્ર ગણપત પરમાર પરમેશ્વરને પ્યારા થયા તેનું અંતરથી અનહદ દુ:ખ છે. એ પણ ઈશ્વરને ગઝલ સંભળાવતા હશે. એમ મન મનાવવું રહ્યું અને આમેય કવિતા

આપણું દુઃખ દુર કરી આનંદ, પરમાનંદ અને બ્રહ્માનંદની યાત્રા કરાવે છે. એવા ભાવ સાથે આજે આપણે આ ડાયેટ-સુરેન્દ્રનગરનાં પટાંગણમાં આવ્યા છીએ. આજે પણ આપણે કવિ અને કવિતાના સંગે ભરપૂર નિજાનંદ મેળવીશું.

પ્રાર્થના કરીએ પરમેશ્વરને આપણો આનંદ સદાય આમજ બન્યો રહે. કાવ્યાયન-૧ થી શરુ કરેલ યાત્રા અનેક મુકામે અજવાળા પાથરી કાવ્યાયન-૪ સુધી પહોચી છે. તેનાં મૂળ આપણા ડાયેટનાં ઉત્સાહી પ્રાચાર્યશ્રી સી.ટી.ટુંડિયા સાહેબ છે. સાથે વર્ગ-સંચાલકશ્રી ડો.રાજેન પિતલિયા સાહેબનો સાથ-સહકાર અને ઉત્સાહ વંદનીય છે. સૌનું સ્મરણ કરીને છેલ્લે કવિ સુરેન ઠાકરની પંક્તિ ઉચ્ચારું કે

"ઉમ્રભર લીલા જ રહેશે,
આપની યાદોના તોરણ"

અસ્તુ, જય કવિત્વ, જય શિક્ષક, જય સૂરજનારાયણ,

## કાવ્યાયન - ૪

બે વર્ષના વિરામ બાદ કોરોનાનો ખતરો ઓછો થતા જ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગરના આંગણે કાવ્યાયન-૪નું આયોજન થયું. તા.૩૦-માર્ચ-૨૦૨૨ ના રોજ એક દિવસીય આયોજન થયું હતું.

સર્વધર્મ પ્રાર્થના બાદ શિક્ષકશ્રી રમણીકભાઈ પટેલ સાહેબના સંગીતમય ભજનથી સૌ ડોલી ઉઠ્યા, કોરોનાકાળના બે વર્ષમાં પરમેશ્વરના પ્યારા થયેલ કવિ–લેખકોને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું.

| | |
|---|---|
| કવિશ્રી સુમંત રાવલ, | કવિશ્રી ગણપત પરમાર, |
| ગુણવંત ઉપાધ્યાય, | હરિશ મહુવાકર, |
| યોગેન્દ્ર વ્યાસ, | તલકશીભાઈ પરમાર, |
| અતુલ વ્યાસ . . . . . | |

વગેરે શબ્દના સાધકોને યાદ કરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી.

ખાદીના રૂમાલથી આજના ખાસ મહેમાન એવા કવિશ્રી દર્શક આચાર્યનું તથા કવિશ્રી પાર્થ ખાચરનું સ્વાગત થયું. સ્વાગત બાદ વર્ગ સંચાલકશ્રી રાજેન પિતલિયા સાહેબે સૌને શબ્દોથી આવકાર્યા.

કાવ્યાયન - ૧ થી શરુ કરેલ આ યાત્રા અનેક શિખરો ઉપર અજવાળા પાથરી કાવ્યાયન - ૪ સુધી પહોચી છે તેનો જીવંત અહેવાલ શ્રી ભરતભાઈ દેવૈયાએ રજૂ કરેલ. સ્મૃતિઓ વાગોળતા સૌ ભાવ-વિભોર થયા ચાર-પાંચ વર્ષની લાંબી યાત્રામાં નવા-નવા કવિઓનો લાભ લઇ આ

કાવ્યાયન પરિવારે અનેરી ઊંચાઈ પ્રાપ્ત કરી છે એ બાબતથી સૌ કોઈ ગૌરાન્વિત થયા.

અહેવાલ વાંચનથી સૌ કોઈ કાવ્યાયનમય બન્યા પછી ડાયેટનાં પ્રાચાર્ય આદરણીય ડો.સી.ટી.ટૂંડિયા સાહેબે આગળની રૂપરેખા સાથે પ્રેરણાત્મક પ્રવચન કરેલ.તેમણે આગળ વધી રહેલા તમામ કવિમિત્રોને દિલથી અભિનંદન પાઠવ્યા.

પછી રજુ થયા આપણા વ્હાલા કવિ દર્શક આચાર્ય. એમના કાવ્યસંગ્રહ 'સાંસોટ' માંથી તેમણે ઘણી ગઝલોનો આસ્વાદ કરાવ્યો ગઝલ લખતા શું ધ્યાનમાં રાખવું તેની દષ્ટાંત સાથે વાતો કરી. મોટા કવિઓના પ્રભાવમાં આવી આપણે આપણો લય ગુમાવવો નહિ એવી અનેક વિધ ચર્ચાઓ કરી 'અમે વચ્ચે' ગઝલના લખાણ વખતે થયેલ મુશ્કેલીઓ અને નિવારણ .... રમુજી રીતે કહીને સૌના દિલ જીતી લીધા....

બપોરના ભોજનબાદ બીજું સેશન સંગીતજ્ઞ શિક્ષિકાબેનશ્રી નેહાબેન રાવલનાં ગાયનથી શરૂ થયું. બોટાદથી પધારેલ કવિશ્રી પ્રવીણ ખાચર 'પાર્થ'આ કાવ્યાયન થકી હાલ રાજ્ય લેવલે ચમકતો સિતારો બની ગયા છે. જે આજે આપણા મહેમાન બન્યા છે. એમણે સ્વરચિત ગીત-ગઝલ અને બાળગીતો સંભળાવી મંત્રમુગ્ધ કરી દીધા. એમની વીરતાભરી વાણીથી અને શબ્દોથી સૌ કોઈ અંજાયા. ખુબ સારા લેખક, કવિ અને સભા-સંચાલક પાર્થ ખાચર માત્ર આપણું જ નહિ, શિક્ષક સમાજનું પણ ગૌરવ છે.

પાર્થ ખાચર પછી 'પશ્યન્તિ ને પેલે પાર' ગઝલ સંગ્રહ આપનાર કવિ જાતુષ જોશીનું બહુમાન થયું. તેમણે કવિતા લખતા શું નહિ કરવાનું - તેની વિશેષ વાતો કરી. ગઝલની પંક્તિઓ આગળ-પાછળ મુકવાથી કેવા ભાવો બદલાય છે, તેની સદ્રષ્ટાંત વાતો કરી પોતાની અનેક રચના સંભળાવી.

"હાથમાં કરતાલ છેને કંઠમાં કેદાર છે . . . . "
ગાન દ્વારા વાતાવરણ પાવન થયું તો . . . .
વેશ વરગાણી હતો
મૂળમાં ત્યાગી હતો "

રચના સાંભળતા સૌ કોઈ ડોલી ઉઠ્યા અને બોલી ઉઠ્યા . . . વાહ. . વાહ...

કવિશ્રી જાતુષ જોશીએ સતત બે કલાક માર્ગદર્શન આપ્યું અને પછી કાવ્યાયનમાં પધારેલ, સાચા અર્થમાં અતિથિ એવા હાસ્યકલાકાર અને લેખકશ્રી ડૉ.મહેન્દ્રભાઈ શુક્લે ખુબ હાસ્ય પીરસ્યું. જીવનની વાતો સાથે હાસ્ય વણીને તેમણે હાસ્ય સાગરમાં નવડાવ્યા એમ કહું તો પણ ખોટું નથી ...આજના દિવસે મિત્ર ભગવતદાન ગઢવીએ પણ રેણડી છંદમાં દુહા-છંદ ગાઈને સૌને ડોલાવ્યા.

આમ એક દિવસની શિબિર થકી સૌ નવા તેજ અરમાનો અને કઈક લખી બતાવવાની ભાવના સાથે છૂટા પડ્યા. પૂરી શ્રદ્ધા છે કવિઓને ખીલવા અને ખૂલવા માટે આજની શિબિર નિમિત બનશે.

(મ.શિ. મિડલ સ્કૂલ - લખતર )

## કાવ્યાયનની રચના...

### ગઝલ કંડારી હતી...

ચાંદની રાતે અમે કલમ મંડારી હતી
સૂર્યની સંગે અમે ગઝલ કંડારી હતી
કવિ દર્શકનું સ્મિત લૈ, જોષી જાતુષની પ્રીત લૈ
ઈ દોસ્તની જીભે અમે ગઝલ પલાણી હતી... - ચાંદની...
શાહબુદ્દીન બંદે અને બી.કે. ના છંદે,
સી. ટી. ના તાલે અમે ગઝલ નચાવી હતી... - ચાંદની...
સંતોના સંગે ને વડગામાનાં રંગે,
ઈ અનિલ આનંદે અમે ગઝલ પચાવી હતી... - ચાંદની...
ચારણના ડાયરે અને હાસ્યના વાયરે,
દોસ્તોના 'પ્રેમે' અમે ગઝલ સજાવી હતી... - ચાંદની...

**********

આવે તો ધબકારે આવે,
પાંપણના પલકારે આવે.
માળા રટતા વરસો જાશે,
આવે તો રણકારે આવે.
અંદર એને ગોતી લેજો,
આવે તો ખમકારે આવે.
મોતી રોજ પરોવી લેજો,
આવે તો ચમકારે આવે.
વગડાવો વાદ્યો છે સામે,
આવે તો ઝણકારે આવે.
ચીસોમાંથી નીકળી ગઝલો,
આવે તો પડકારે આવે.
- પાર્થ ખાચર @

**--- ફકીરા ---**

બદલી મારી જાત ફકીરા,
અવળી થઈ ગઈ નાત ફકીરા.
ગાંધીને મેં પામી જોયા,
નાત રહી, ના જાત ફકીરા.
મારી કેડી મેં કંડારી,
દુનિયા થઈ ગઈ માત ફકીરા.
મોટપ આધી મેલી દીધી,
હૈયે ગાંધી ભાત ફકીરા.
- ભરત દેવૈયા...

## :: કરુણાની સત્યઘટના ::

**- ડૉ. સી. ટી. ટૂંડિયા**

Pre-Benchmarking workshop અંતર્ગત Std-3 ના વિધાર્થીઓની કસોટી લેવા માટે શાળા નં.૭, જોરાવરાનગરમાં જવાનું થયું. આચાર્યશ્રીના રૂમમાં બેઠો હતો ત્યાં એક વાલી અને દીકરીનું આગમન થયું. આચાર્યશ્રીએ મને તેઓનો પરિચય કરાવ્યો. જે દીકરી ગોપી ધો. 1 થી 7માં દરેક વખતે પહેલો નંબર મેળવેલ છે અને પ્રતિભાશાળી વિદ્યાર્થી તરીકે પણ ગોપી સન્માનિત થયેલ છે. જે વાલી દીકરીને અભ્યાસ કરાવવા માટે તૈયાર નહોતા. સંવાદ આગળ વધે છે ને જાણવા મળે છે કે દીકરીના મમ્મી કોરોનાની બીજી લહેરમાં મૃત્યુ પામ્યા છે. તેમના દાદી 85 વર્ષના છે. એક દીકરીના લગ્ન થઈ ગયા છે, ભાઈના લગ્ન થયા છે પણ તે વહુ દિવાળી પછી તેડી લાવવાના છે. હવે, વધી ગોપી.

ધો.8માં અભ્યાસ કરતી ગોપીને ઘરનો રસોઈથી લઈને તમામ ભાર તેના ઉપર આવી ગયો છે. રસોઈ કોણ બનાવે, દાદીને કોણ સાચવે, પપ્પાને ચા બનાવવાની રોડ પર કીટલી છે. કરુણામય સ્થિતિ, આચાર્યશ્રી અને અમે વધુ સજાગ બન્યા. વાલીને મેં કહ્યું, કે તમારે ગોપીને કેમ ભણાવવી નથી, ત્યાંતો તેઓ ધ્રુસકેધ્રુસકે રડવા લાગ્યાં. તેઓને પાણી પીવરાવ્યું, તેઓ સાથે નજીક જવાનો પ્રયત્ન કર્યો. ગોપીના વર્ગશિક્ષક શાહભાઈને પણ બોલાવ્યા. તેઓએ કહ્યું કે, મારા વર્ગખંડની હોંશિયાર વિધાર્થીની જ ગોપી છે. Online હાજરી બાબતે તેઓએ વાતચીત કરી. છેવટે, વાલી, ગોપી, આચાર્ય અને શિક્ષક એક વાતે અમો સહમત થયા કે આપણે ગોપીને ભણાવીએ...શરત એ નક્કી થઈ કે ગોપીને જ્યારે શાળાએ આવવું હોય ત્યારે આવે તેના માટે open schooling. દિવાળી પછી ગોપી નિયમિત શાળાએ આવી જશે. આવી ઘટનાઓ આપણને હચમચાવી મૂકે છે, પરંતુ એક વાતનો વિશ્રામ એ થયો કે પ્રતિભાશાળી વિધાર્થીની ગોપી શાળાનું શિક્ષણ મેળવી શકશે. શાળા મુલાકાત થઈ અને આવા સંવેદનશીલ બાબતમાં મધ્યસ્થી થઈ એક વિધાર્થીની શિક્ષણ પ્રાપ્ત કરશે તેનો અતિઆનંદ થયો.

**પ્રાચાર્ય**

**ડાયેટ - સુરેન્દ્રનગર**

**સેવાવ્રતધારી સારસ્વત : મુકેશભાઈ બદ્રેશિયા**------------------------------------------

**- ભગવતદાન ગઢવી**

નામ રહંતા ઠાકરા, નાણા નહિ રહંતકિરત હુંદા કોટડા,પાડ્યા નહિ પડંત આજે વાત કરવી છે સેવાવ્રતધારી સારસ્વત, ઉત્કૃષ્ઠ સર્જક, સૌજન્યથી હર્યાભર્યા મળવા જેવા માણસ, શિક્ષણ જગતમાં અનોખી મિશાલ ઉભી કરનાર સંવેદનશીલ શિક્ષક અને સફળ આચાર્ય મુકેશભાઈ બદ્રેશિયાની... દેખાવે સાદગીની મુરત, આંખોમાં કરુણા ટપકે, હ્રદયમાં સર્વોદય ધબકે... મુકેશભાઈ પોતાના વ્યસ્ત જીવનમાં અસંખ્ય સેવા કાર્યો માટે અનેક સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. એમનું જીવન કવન સૌ માટે પ્રેરણાનું ઝરણું છે. તેમનો જન્મ તા.5/5/1972 ના રોજ ખેડૂત પિતા શિવાભાઈ અને માતા ઉગરીબેનના ત્યાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ખારવા ગામે થયો. બાળપણથી જ સેવાના સંસ્કારથી ઉછેર થયો. ભણવામાં ખૂબ જ તેજસ્વી મુકેશભાઈએ પી.ટી.સી. એમ.એ.બી.એડ કરીને સાયલા તાલુકામાં શિક્ષક તરીકેની કારકિર્દીની શરૂઆત કરી.

જે શાળામાં જાય તે શાળાની સિકલ બદલી નાખે. અત્યારે સુરેન્દ્રનગર શહેરની શાળા નં. 17 ના આચાર્ય તરીકે ફરજ બજાવતા મુકેશભાઈએ પોતાના મહેનતુ સ્વભાવ અને બાળકો પ્રત્યેની અનહદ લાગણીના કારણે બાળહિતની અનેક સેવાકીય પ્રવૃત્તિઓ આદરી.... બાળકોને વાંચનમાં રસ પડે તે માટે બાળકોને પ્રિય એવુ બાલસૃષ્ટિ સામાયિક બાળકોને પોતાના નામે મળે તો બાળકો હોંશે હોંશે વાંચે એવા ઉમદા હેતુ સાથે બાલસૃષ્ટિ અભિયાન ચાલુ કર્યું. જેમાં થોડું લવાજમ બાળકો ભરે,થોડું દાતા પાસેથી મળે અને 10% લવાજમ પોતે સ્વખર્ચે ભરે. છેલ્લા 10 વર્ષથી આ અભિયાન ચલાવે છે. ગત વર્ષે સુરેન્દ્રનગર જિલ્લામાંથી 10500 જેટલા બાળકોના લવાજમ ભરાવ્યાં..

શિક્ષક કભી સાધારણ નહિ હોતા એ સૂત્ર સાકાર કરનાર ઇનોવેટિવ ટીચર બાળકોના સંર્વાગિક વિકાસ માટે કંઈક નવું ન કરે તો મુકેશભાઈ શાના ?? બાળકો માટે ફુલસકેપ ચોપડા, જરૂરિયાતમંદ પરિવારના બાળકો માટે શૈક્ષણિક કીટ, બાળકોને બાળકો બહારનો નાસ્તો ન કરે, ઘરનો બનાવેલો નાસ્તો કરે તે નાસ્તા સપ્તાહ ઉજવી આપણો પૌષ્ટિક નાસ્તો આપવો. કુપોષણ

નિવારણ માટે અલગ અલગ ઋતુમાં ઋતુ પ્રમાણે ફ્રૂટ લાવી ફ્રૂટનો નાસ્તો કરાવી ફ્રૂટ સપ્તાહની ઉજવણી કરવી. વારંવાર બાળકોને મનગમતું ભોજન અને નાસ્તો મળે તે માટેનું આયોજન કરવું. સમયના બંધન વગર કામ કરતા આ સારસ્વત સવારે 8 વાગ્યે શાળાએ પહોંચી જઈ.. સાંજના 7 વાગ્યા સુધી કામ કરે છે પણ, ક્યારેય આ કામનો થાક તેમના ચહેરા પર દેખાતો નથી.

સતત હસમુખા ને હેતાળ મુકેશભાઈ હૃદયથી ખૂબ સંવેદનશીલ શિક્ષક છે કોઈનું દુઃખ જોઈ ન શકે... પોતાની શાળાના એક વિદ્યાર્થીના પિતાના મૃત્યુ થયા પછી વિધવા માતા માટે ઘર ચલાવવું અઘરું થયું..તેની અસર આ બાળક પર દેખાતા ઋજુ હૃદયના મુકેશભાઈનું હૃદય દ્રવી ઉઠ્યું. એમણે તરત જ આવી આર્થિક જરૂરિયાતમંદ વિધવા બહેનોનો સર્વે કરી તેમને દર મહિને અનાજ કીટ આપવાનું નક્કી કર્યું.. ઘણા વર્ષોથી આ ક્રમ નિભાવે છે...આજે 31 થી પણ વધારે વિધવા બહેનોના ભાઈ બની સ્વખર્ચે દર મહિને અનાજ કીટ મોકલાવે છે.. સરકારમાંથી મળતી આર્થિક સહાય માટે વિધવા પેંશન હોય કે અનાથ બાળકો માટે પાલક માતા પિતા યોજના હોય કે વૃદ્ધ પેંશન હોય. આવા લાભાર્થીઓનો શિક્ષક મિત્રો પાસે સર્વે કરાવી, ફોર્મ ભરવાથી લઈ સહાય ચાલુ કરાવી આપવા સુધી જવાબદારી લઈ મદદ કરે છે.

આ ઝડપી યુગમાં  તેમના બધા જ  મિત્રો પાસે પોતાની ફોરવ્હિલ ગાડી છે..તેમને પણ ગાડી લેવા માટે મનસૂબો બનાવી. રકમ ભેગી કરેલી પણ, જરૂરિયાત મંદ પરિવારના બાળકોના શિક્ષણ માટે સતત મથતા આ સારસ્વતે પોતાના માટે ગાડી લેવાનું માંડીવાળી આ રકમ જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ  માટે વાપરી નાખી. આજે પણ પોતાની પાસે ગાડી ન હોવાનો બિલકુલ રંજ નથી... જાતિવાદ, કોમવાદ, પ્રદેશવાદથી પર આ શિક્ષકને મન સૌ સરખા.. લોકોમાં નેત્રદાન, અંગદાન કરવા માત્ર જાગૃતિ આવે એ માટે અનેક ગામોનો પ્રવાસ કરી પ્રચાર, પ્રસાર કર્યો છે.. દર રવિવારે સુરેન્દ્રનગરની ત્રણ હોસ્પિટલોમાં દર્દીઓ માટે ફ્રૂટ વિતરણ કરવાનું કેટલાય સમયથી ચાલુ છે. આટલા સેવા કાર્યોમાં વ્યસ્તહોવા છતાં તેમની ભીતરથી સર્જક ડોકિયું કરે છે...

તેઓ એક સારા સર્જક છે.. તેઓ કાયમ કહે છે કે, જે માણસના હૃદયમાં સંવેદના જગાડે તે જ સાહિત્ય...તેમને ઉત્તમ ટૂંકી વાર્તાઓ, કવિતાઓ, અનેક સર્જનાત્મક લેખો લખ્યા છે. રાજ્ય ભરના સામાયિકોમાં તેમના કાવ્યો, વાર્તાઓ, લેખોને સ્થાન મળે છે. આવા સંવેદનશીલ શિક્ષક

કોરોનાની ભયંકર પરિસ્થિતિમાં કેમ શાંત બેસી શકે ??? એ સમયમાં પોતાના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર સતત દોડાદોડી કરી કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજનની વ્યવસ્થા, ફૂટની વ્યવસ્થા, ઝૂંપડપટ્ટી વિસ્તારમાં અનાજ રાશન કીટની વ્યવસ્થા કરવામાં ક્યાંય કચાશ રાખી નથી. છેલ્લા ઘણા વર્ષોથી જીવદયાના સંસ્કાર ધરાવતા મુકેશભાઈ લુપ્ત થકી આપણી ચકલીઓ માટે ચકલી બચાવો અભિયાન ચલાવે છે. હાજારોની સંખ્યામાં ચકલીના માળા, પાણીના કુંડાનું શાળાઓમાં નિઃશુલ્ક વિતરણ કરી જીવદયા વિચારને વાવવાનું યશોદાયી કાર્ય કરે છે...

બાળકોને દેવ માનતા મુકેશભાઈ શાળાના બાળકોને સર્વાગિક વિકાસ માટે ખૂબ મથે છે અનેક પ્રવૃત્તિઓ કરતા રહે છે... શાળાની દીકરીઓને સીવણ શીખવવા તેમના માટે તેમને શાળામાં  કેટલાક સીવણના સંચા વસાવ્યા છે. પતિના પગલે ચાલતા અલ્પાબેન પણ કેમ સેવાથી પર રહે ??? શાળા છૂટવાના સમયે તેમના ધર્મપત્ની અલ્પાબહેન શાળાએ જઈ દીકરીઓને નિઃશુલ્ક સીવણ શીખવાડે છે. શાળા છૂટ્યા પછી સમયના બંધનમાં ન બંધાનાર આચાર્યશ્રી મુકેશભાઈ શાળાનું વહીવટી કામ આટોપી અભ્યાસમાં કાચા રહેલા બાળકોને વ્યક્તિગત બેસાડી કચાશ દુર કરવા આવા વિશેષ વર્ગ ચલાવે છે.. કોરોનાકાળમાં જે બાળકના પિતા મૃત્યુ પામ્યા હોય એવા જરૂરિયાતમંદ પરિવારના વિદ્યાર્થીઓનો સુરેન્દ્રનગર જિલ્લામાં તેમને સર્વે કરાવ્યો છે.આવા બાળકોને  નવા સત્રમાં શૈક્ષણિક કીટ આપી સહાય કરવાની યોજના છે...

આવા તો, અનેક સેવાયજ્ઞો કરતા મુકેશભાઈએ શિક્ષણ જગતમાં એક નવી મિશાલ કાયમ કરી છે.. પણ, પોતાની પ્રસિદ્ધિથી પર રહેતા આ કરૂણાવંત સારસ્વતને  તેમના કાર્યો જોઈ અનેક સંસ્થાઓએ એવોર્ડથી સન્માનિત કરવા આમંત્રણ આપ્યું છે પણ, સવિનય ના પાડી ક્યારેય એવોર્ડ કે કોઈ સન્માન સ્વીકાર્યું નથી કે એવોર્ડ માટે ફાઇલ મૂકી નથી... ત્યારે કહેવાનું મન થાય કે..સબળ ક્ષમી નિગર્વ ધની,કોમલ વિદ્યાવંતભુભૂષણ વો તીન હૈ, ઉપજત ખપત અનંતઆવા, સેવાવ્રતધારી, સમર્પિત સારસ્વત મુકેશભાઈ બદ્રેશિયા દ્વારા અનેક સેવાકીય કાર્યો થતાં રહે એ જ અભ્યર્થના.

**ઝાડિયાણા પ્રા. શાળા**

**તા. પાટડી**

## પે સે. શાળા - નવાગામ ખારાઘોડા (પાટડી) - વિજયભાઈ પરમાર











તારીખ- 06/06/2022ખારાઘોડા નવાગામ પે સે શાળાના વિધાર્થીઓએ સમગ્ર ગુજરાતમાં ગ્રીષ્મોત્સવ-2022માં દ્વિતીય ક્રમાંક મેળવી ગામની નામના વધારી. GIET અને GCERT દ્વારા આયોજીત ગ્રીષ્મોત્સવ-2022 ની શરૂઆત તારીખ 1 મે 2022 (ગુજરાત સ્થાપના દિન ) થી 5 જુન 2022 દિવસ-36 સુધી આ કાર્યક્રમ ધોરણ -3 થી 8 ના વિધાર્થીઓ ઓંનલાઇન અને ઓફલાઇન મોડ દ્વારા અનેકવિધ દેશી રમતો , નાટકો, બાળવાર્તા, કાવ્ય ગાન , કાવ્ય લેખન ,શોર્ટ ફિલ્મ મેકિગ, જેવી પ્રવૃતિઓ દ્વારા સમગ્ર ગુજરાતમા સફળતા પૂર્વક યોજાઇ ગયો. આ કાર્યક્રમ અંતર્ગત ખારાઘોડા નવાગામ પે સે શાળાના કુલ આઠ વિધાર્થીઓની મદદથી વિધાર્થીના વાલી- રાહુલભાઇ માલવણીયા દ્વારા એક શોર્ટ્ ફિલ્મ "બાળમજુરી અને કન્યા કેળવણી" એ સમગ્ર ગુજરાતમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. ટાગોર હોલ પાલડી,અમદાવાદમા આ કાર્યક્રમના સમાપન પ્રસંગે માનનીય શિક્ષણમંત્રીના હસ્તે ઇનામો આપી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ અનેરી સિધ્ધી થકી ખારાઘોડા નવાગામ પે સે શાળાના વિધાર્થીઓએ સમગ્ર ગુજરાતમાં ગ્રીષ્મોત્સવ-2022માં દ્વિતીય ક્રમાંક મેળવી સુરેંદ્રનગર જિલ્લા અને શાળાનું નામ રોશન કરેલ છે.

**મુખ્યશિક્ષક, ખારાઘોડા નવાગામ પે સે. શાળા**








**સ્થાનિક સાધન-સામગ્રીના સ્રોત માટે**
**એન્ટિક /પુરાતન જૂની વસ્તુઓ ભેટ આપવા અપીલ...**







આપના ઘરે સંગ્રહમાંથી જૂના વાસણો, સિક્કા, ચલણીનોટ પોસ્ટકાર્ડ, પોસ્ટલ સ્ટેમ્પ, ભાતીગળ ચાકડા, સાફા, તામ્રપત્ર, માટી કે લાકડાની જૂની સામગ્રી, કાષ્ટકળાના નમૂના, ઈલેક્ટ્રોનિક ઉપકરણો, ઓજારો, હથિયારો, મૂર્તિઓ, અપ્રાપ્ય પુસ્તકો, જૂના નકશા, જૂની તસવીર – ફોટો ફ્રેમ, પેઈન્ટિંગ, રજવાડાના પત્રો, વગેરે કોઈપણ જૂની –એન્ટિક વસ્તુઓ હોય તો જિલ્લા સ્તરે કાર્યરત શ્રી ઝવેરચંદ મેઘાણી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગરના સ્થાનિક સાધન-સામગ્રીના સ્રોત માટે ભેટમાં આપવા વિનંતી છે. ભેટમાં અપાયેલી વસ્તુ કાયમ સાચવવા, નવી પેઢીને કલા-સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરાવવા અને શિક્ષણકાર્યમાં જોડવા ઉપયોગી બની રહેશે. ભેટ અપાયેલી વસ્તુ પર સૌજન્ય દાતાનું નામ અને વિગત લખવામાં આવશે.







**ભેટ આપવા કોલ કરશો, આપના ઘરેથી રૂબરૂ મેળવી લેવા વ્યવસ્થા કરીશું**



**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**
ડૉ. સી.ટી.ટૂંડિયા (૯૮૨૪૮ ૨૫૫૬૧)
**Email : dietsurendranagar@gmail.com**

બુક-પોસ્ટ

To ______________________________

______________________________

______________________________

**રવાના :**
શ્રી ઝવેરચંદ મેઘાણી
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
સુરેન્દ્રનગર

મુદ્રક : આશીર્વાદ ઓફસેટ
જી.આઇ.ડી.સી., વઢવાણ
( કુલ પેઇઝ ૨૦ )